રાજ્યમાં ફોસ્ટર કેર યોજના શરૂ કરવા
માટે રૂ.3૬0.00 લાખનો ખર્ચ કરવાની
વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૨૯૪૬૪૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩0/0૯/૨૦૧૯.

<u>વંચાણે લીધા:-</u>

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.03/0૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/સીપીડી/૧૯-૨૦/૧૫૩૬.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૦/0૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: જજઅ-૧૦૨૦૧૭-૫૭૮૯૮૪-છ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.03/0૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/નવી બાબત-૧૯-૨૦/૨૦૧૯/૩૦૨ અને ૩૩૯.

<u>આમુખ:-</u>

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦0૬નો ૨-જો) ની કલમ-૪૪ માં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને ગ્રૂપ ફોસ્ટર કેર અને પારીવારિક ફોસ્ટર કેરની તથા કલમ-૪૪(૪)માં બાળકોની સંસ્થાઓને ધ્યાને લીધા બાદ, રાજ્ય સરકાર, નિયત કર્યા મુજબની પ્રક્રિયાનું અનુસરણ કરીને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તેવા પાલન સંભાળ માટે બાળકોના સારા ઉછેરના નિરીક્ષણ અર્થે નાણાકીય સહાય પૂરી પાડવાની જોગવાઇ છે.

કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને ફોસ્ટર કેરમાં, જેમાં સમિતિના હુકમો દ્વારા તેમની કાળજી તથા રક્ષણ માટે ગૃપ ફોસ્ટર કેરનો પણ સમાવેશ થાય છે, તે સંબંધમાં નિયત કરેલ પદ્ધતિને અનુસર્યા બાદ, તેવા કુટુંબમાં કે જેમાં બાળકના કુદરતી અથવા દત્તક માતા-પિતા ન હોય અથવા જે એક લોહીનો સંબંધ ધરાવતું કુટુંબ ન હોય તથા જેને રાજ્ય સરકાર દ્વારા તે હેતુ માટે જે તે વખતે અમલમાં હોય તેવા કાયદા હેઠળ યોગ્ય ગણવામાં આવેલ હોય, તેમાં ટુંકા અથવા વધુ સમયગાળા માટે રાખવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના પત્રથી નવી બાબત રજૂ કરવામાં આવેલ. જે નવી બાબત અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૩૬૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૩) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યના જિલ્લાઓમાં આવેલ બાળ સંભાળ સંસ્થાઓમાં રહેતા ૬ થી ૧૮ વર્ષ સુધીના બાળકોને પારિવારીક ઉછેર મળી શકે તે હેતુથી બાળકોને તેઓના ખર્ચ પેટે માસિક રૂ.૩૦૦૦/- અને પાલક કુટુંબ અથવા ફીટ ફેસિલિટી તરીકે માન્યતા ધરાવતી સંસ્થાને બાળકની સંભાળ માટે રૂ.૩૦૦૦/- મળી કુલ રૂ.૬૦૦૦/- લેખે જિલ્લા કક્ષાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી દ્વારા મંજૂર કર્યેથી લાભાન્વિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ફોસ્ટર કેર યોજના હેઠળ રૂ.૩૬૦.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની યોગ્યતાઓ તથા શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>યોગ્યતાઓ:-</u>**

(૧) ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકોની વ્યક્તિગત સંભાળ યોજના(ICP)ના આધારે બાળકને પાલક કુટુંબ અથવા જૂથ સંભાળમાં મુકી શકાશે.

(૨) જે બાળક કુટુંબમાં તેના માતા-પિતા સાથે રહેતા હોય અને માતા-પિતા જીવલેણ બિમારી (SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા) અથવા અન્ય કોઇ જીવલેણ બિમારીથી પીડાતા હોય અને બાળકની સંભાળ લેવા માટે અસક્ષમ હોય તેવા માતા-પિતાના બાળકોને જૂથ સંભાળ અથવા પાલક કુટુંબમાં મુકી શકાશે.

(૩) જે બાળકો સમાજમાં રહે છે અને શારીરિક જાતિય દૂરાચાર, કુદરતી આપત્તિઓ અને ઘરેલું હિંસાના શિકાર બનેલ વ્યક્તિના બાળકોનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે.

(૪) ફોસ્ટર ફેમિલિની વાર્ષિક આવક ગ્રામ્ય કક્ષાએ રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી કક્ષાએ રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ હોવી જોઇશે.

(૫) સ્વૈચ્છિક અથવા બિનસરકારી સંસ્થાની જે તે વખતે અમલમાં રહેલ કોઇપણ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય (જેનું નીતિ આયોગમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે) અને સંસ્થાની નિયત કરેલ પદ્ધતિ મુજબ બાળકની સંભાળ રાખવાની અનુકૂળતાની યોગ્ય તપાસ કર્યા બાદ તેને બાળકની જવાબદારી સંભાળવા માન્ય ઠરાવી શકાશે.

(૬) જૂથ સંભાળમાં સંસ્થા ઓછમાં ઓછા ત્રણ (૩) અને વધુમાં વધુ આઠ (૮) બાળકને રાખી શકાશે.

<u>શરતોઃ</u>-

(૧) બાળક અને ફીટ ફેસિલિટર અથવા પાલક(વાલી)ના નામનું બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે અને ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર(ડીબીટી)થી નાણાં ટ્રાન્સફર કરવાના રહેશે તથા દર ત્રણ માસે ગ્રાન્ટની ઉપલબ્ધીને આધીન ફરજીયાત ચૂકવણું કરવાનું રહેશે. તેમજ દર ત્રણ માસે મોનિટરીંગ કરી તેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

(૨) બાળકને શિક્ષણ, આરોગ્ય તથા પોષણ પૂરૂં પાડવા માટે પાલક કુટંબ અથવા જૂથ પાલક કુટુંબ જવાબદાર રહેશે તેમજ નિયત કરેલ પદ્ધતિ અનુસાર બાળકના સંપૂર્ણ ઉછેરની ખાતરી કરવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત યોજના માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઇ સુધારેલ અંદાજોમાં કરાવવાની પુરતી તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ફોસ્ટર કેર યોજના અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩-એસ.એસ.ડબલ્યુ.-૦૪ અને માંગણી નં.૯૬, મુ.સ.-૨૨૩૫-૦૨-૭૯૬-૧૬-એસ.સી.ડબલ્યુ-૦૪ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૧/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.